# ખંભાત નગરપાલિકા ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર –૨૭૨

## તારીખ – ૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે જે તે ખાતાના કર્મચારીશ્રી તેમજ ચીફ ઓફીસરશ્રી ની ભલામણ ધ્યાને લેતા નીચે દર્શાવેલ કર્મચારીઓની તેમના પી.એફ.ખાતા માં જમા થયેલ રકમ માથી પી.એફ.લોન ની માંગણી કરેલ હોવાથી પી.એફ.લોન આપવા તેઓના નામની સામે દર્શાવેલ રકમ મંજુર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | વિગત | રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | જગદીશભાઈ ગુડાભાઈ હરીજન | પી.એફ.લોન | ૩૦૦૦૦૦.૦૦ |
| ૨ | ચંપાબેન શંકરભાઈ હરીજન | પી.એફ.લોન | ૧૦૦૦૦૦.૦૦ |
| | | | ૪૦૦૦૦૦.૦૦ |

ઉપરોકત મંજુર કરવામાં આવેલ પી.એફ.લોન ની રકમ પી.એફ.ખર્ચ ખાતે પાડી ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૩

## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે ૭૩ મા પ્રજાસત્તાક દિન, ૨૬ મી જાન્યુઆરી–૨૦૨૨ ના દિનની ઉજવણી સરકારશ્રીના પત્ર (૧) અધિક સચિવશ્રી (પ્રોટોકોલ) સ.વ.વિ. સચિવાલય, ગાંધીનગર પત્ર ક્રમાંક પદઉ–૧૦૨૦૨૧–૬૨૫–ધ–તારીખ.૦૮–૧૨–૨૦૨૧ (૨) નિવાસી અધિક કલેકટર સાહેબના પત્ર નંબર. એ.ડી.એમ./૪/વશી/૮૬૮૧ થી ૮૬૮૪ તારીખ.૨૨–૧૨–૨૦૨૧ પરત્વે ખંભાત શહેરના પાણીયારી પાસે સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ પાસે, રાખેલ તે કાર્યક્રમ માટે સાઉન્ડ, ફોટોગ્રાફી, બેનર, તથા આમંત્રણ કાર્ડ છપાવવા તથા કાર્યક્રમ સંબંધી તમામ જરૂરી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. સદર તમામ ખર્ચ કરવા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૪
# તારીખ.૧૫–૦૨–૨૦૨૨

હેડ કલાર્ક તથા ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટની વિગતો વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા પેન્શનર મંડળે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એમ.સી.એ.૯૦૧/૨૦૧૨ ફોર કન્ટેમ્પ્ટ  ઈન સ્પશીયલ સીવીલ એપ્લીકેશન નંબર. ૧૨૨૩૦/૨૦૦૮, એસ.સી.એ.નંબર. ૯૮૮૯/૨૦૧૨ એસ.સી.એ.નંબર. ૧૫૨૨૭/૨૦૧૩ દાખલ કરેલ છે તમામ પીટીશનમાં નગરપાલિકા તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટ તરીકે શ્રી ડી. બી. રાણાની નિમણુંક કરેલ છે નામદાર ગુજરાત હાઈકોર્ટના વિધ્વાન ન્યાયધીશ શ્રી એસ.આર.બ્રહ્મભટ્ટ અને વિધ્વાન ન્યાયાધીશ શ્રી આર.પી.ઢોલરીયા સાહેબના તારીખ.૦૧–૦૯–૨૦૧૫ ના હુકમ મુજબ ખંભાત નગરપાલિકા પેન્શનર મંડળે કરેલ પીટીશનોમાં નિર્ણય થવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય વિધ્વાન મુખ્ય ન્યાયાધીશ સમક્ષ મુકેલ છે અને તેમની કોર્ટમાં આ ત્રણેય મેટર એક સાથે હીયરીગમાં મુકવામાં આવેલ છે આ ફાઈનલ હીયરીંગ હાલ ચાલે છે અને તેની મુદત તારીખ.૨૧–૦૨–૨૦૨૨ ના રોજ છે આ ફાઈનલ હીયરીંગમાં નગરપાલિકા તરફે જવાબ રજુ કરવાનો થાય તો તે રજુ કરવા ચીફ ઓફીસરશ્રી ખંભાત નગરપાલિકાને અધિકૃત કરવામાં આવે છે અને ત્રણેય પીટીશનના ફાઈનલ – હીયરીંગના વકીલાત ફી ના બીલ ચુકવી આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા<br>
ચેરમેન<br>
એકઝીકયુટીવ કમીટી<br>
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા<br>
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર<br>
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા<br>
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય<br>
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૫

## તારીખ..૧૫–૦૨–૨૦૨૨

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના કોમ્પ્યુટર વિભાગમાં મેઈન સર્વર માટે લાયસંસ વર્ઝન વાયરસ સ્કેનર ત્રણ વર્ષ માટે નાંખવાની જરૂરીયાત હોવાથી તે વાયરસ સ્કેનર નાંખવા માટે સરકયુલર ટેન્ડર ફેરવીને ભાવો મંગાવતા કુલ ત્રણ પાર્ટીના ભાવો આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં નીચે મુજબના ભાવો આવેલા છે જેની વિગત નીચે મુજબ છે.

| અનુ નંબર | માલ સામાનનું વર્ણન વજન, સંખ્યા, જથ્થો વિગેરે. | સમર્થ કોમ્પ્યુટર હરમાનની પોળ ખંભાત ૯૪૨૭૫૭૯૦૯૨ | માઈક્રો કોમ્પ્યુટર સ્ટેશન રોડ, ખંભાત ૮૮૬૬૫૨૦૯૧૬ | ડીજીટ કોમ્પ્યુટર ચીતારી બજાર ખંભાત ૯૮૯૮૧૬૦૧૪૭ |
|---|---|---|---|---|
| | | (૧) | (૨) | (૩) |
| (૧) | કોમ્પ્યુટર વિભાગમાં મેઈન સર્વર માટે વાયરસ સ્કેનર ત્રણ વર્ષ માટે લાયસંસ વર્ઝન | ૪૫૦૦/– અંકે રૂપીયા ચાર હજાર પાંચસો પુરા | ૪૫૫૦/– અંકે રૂપીયા ચાર હજાર પાંચસો પચાસ પુરા | ૪૬૦૦/– અંકે રૂપીયા ચાર હજાર છસ્સો પુરા |

જેમાં(૧) સમર્થ કોમ્પ્યુટર, હરમાનની પોળ, ખંભાતના ભાવો રૂપીયા. ૪૫૦૦/– (૩ વર્ષ) અંકે રૂપીયા ચાર હજાર પાંચસો પુરા (૨) માઈક્રો કોમ્પ્યુટર, સ્ટેશન રોડ, ખંભાત ના ભાવો રૂપીયા.૪૫૫૦/– (૩ વર્ષ) અંકે રૂપીયા ચાર હજાર પાંચસો પચાસ પુરા (૩) ડીજીટ કોમ્પ્યુટર, ચીતારી બજાર, ખંભાતના ભાવો રૂપીયા.૪૬૦૦/– (૩ વર્ષ) અંકે રૂપીયા ચાર હજાર છસ્સો પુરા આવેલા છે.

જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં વાયરસ સ્કેનર મેઈન સર્વર માટે વાયરસ સ્કેનર ત્રણ (૩ વર્ષ) રૂપીયા.૪૫૦૦/– અંકે રૂપીયા ચાર હજાર પાંચસો પુરા સૌથી ઓછા ભાવો સમર્થ કોમ્પ્યુટર, હરમાનની પોળ, ખંભાતના આવેલા છે તો સમર્થ કોમ્પ્યુટર, હરમાનની

પોળ, ખંભાત વાળા પાસે વાયરસ સ્કેનર ત્રણ (૩) વર્ષ રૂપીયા.૪૫૦૦/– અંકે રૂપીયા ચાર હજાર પાંચસો પુરા આવેલા છે તો તેઓની પાસે સદર વાયરસ સ્કેનર નંખાવવા મંજુર અને તે અંગેનો ખર્ચ ચુકવવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૬</u>
# <u>તારીખ.૧૫–૦૨–૨૦૨૨</u>

આથી ઠરાવવામાં આવે છે કે ફાયર બ્રિગેડ ખાતામાં એમ્બ્યુલન્સ વાન જી.જે.૨૩ જી.એ. ૭૦૮ ની કંપની સર્વિસ કરાયે ઘણો સમય થઈ ગયેલ હોવાથી સદર એમ્બ્યુલન્સ ને કંપની સર્વિસ કરાવવાની જરૂરીયાત છે તથા જેમાં ટાયર ડ્રાઈવીંગ કરતી વખતે પકડાઈ જાય છે યાને કે ફીટ થઈ જાય છે જેથી સર્વિસ તથા વ્હીલ સર્વિસ કરવા માટે કારગો કંપની પ્રા. લી. આણંદ ખો તમામ સર્વિસ તેમજ વ્હીલ સર્વિસ કરાવવાની જરૂરીયાત હોવાથી તે કારગો કંપનીમાં સર્વિસ કરાવવા માટે મોકલવા મંજુર અને તે અંગેનો થતો ખર્ચ કરવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૭</u>
# <u>તારીખ.૧૫–૦૨–૨૦૨૨</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે નગરપાલિકાની સ્કોરપીયો જી.જે.૨૩ જી.એ. ૦૭૧૭ નું એ.સી. બંધ થઈ ગયેલછે જેથી સદર સ્કોરપીયો વાહનમાં કુર્લીગ આવતું નથી જેથી એ.સી. રીપેરીગ અંગે ''બાદશાહ એ.સી. રીપેરીગ વાળા કંસારીમાં બતાવતા સદર વાહનમાં એ.સી.માં નીચે જણાવ્યા મુજબની કામગીરી કરાવવાની જરૂરીયાત છે.

(૧) એ.સી. ગેસ ઓઈલ ડેસ બોર્ડ ખોલી રીપેરીગ કરવાનું કામ

(૨) એ.સી. બ્લોઅર સર્વિસ માટે માલસામાન મજુરી સાથે કુલ ખર્ચ રૂપીયા. ૨૭૦૦/– અંકે રૂપીયા બે હજાર સાતસો પુરા થાય તેમ છે તો તે ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૭૮
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

**આથી ઠરાવ કરવામાં આવે છે કે નગરપાલિકાની સ્કોરપીયો જી.જે.૨૩ જી.એ. ૦૭૧૭ ની કંપની સર્વિસ એમ.એમ. વ્હોરા ઓટોમોબાઈલ્સ આણંદ ખાતે તમામ સર્વિસ કરાવવાની જરૂર છે તેમજ સદર વાહનમાં રેડીયેટરમાં પાણી ઓછુ થાય છે જેથી સદર વાહનમાં વારંવાર પાણી નાંખવું પડે છે જેનું રીપેરીગ કામ કરાવવાની જરૂર છે આ અંગે થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા**
**સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**સહી. કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર– ૨૭૯

## તારીખ : ૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવવામાં આવે છે કે ફાયર બ્રિગેડ વિભાગમાં નીચે જણાવ્યા મુજબના વાહનોનો વિમો અગાઉ ધી ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડમાં કરાવેલ છે જેની મુદત પુર્ણ થયેલ છે. જેથી નીચે જણાવ્યા મુજબનો વિમો રીન્યુ કરાવવાનો થાય છે.

| અ.નં. | વાહનનુંનામ | વાહન નંબર | વિમાની રકમ |
|---|---|---|---|
| (૧) | એમ્બ્યુલન્સ | જી.જે.૨૩ જી.એ.૦૭૦૮ | રૂપીયા. ૨૦,૯૨૬/– |
| (૨) | બુલેટ ફાઈટર | જી.જે.૧૮ જી. ૯૬૩૦ | રૂપીયા. ૮,૯૭૯/– |
| (૩) | અંતિમ યાત્રા વાહન | જી.જે.૨૩ જી.એ.૦૬૬૬ | રૂપીયા. ૧૮,૩૩૧/– |
| | અંકે રૂપીયા અડતાલીસ હજાર બસો છત્રીસ પુરા | | રૂપીયા. ૪૮,૨૩૬/– |

સદર વીમો ભરવા માટે ચીફ ઓફીસર ને અધિકૃત કરવામાં આવે છે. આ અંગે થતો ખર્ચ કરવા મંજુર

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૮૦
## તારીખ. ૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ ખાતામાં સીટી બસ જીજે ૨૩ જીએ ૦૬૭૫ માં બેટરી ખલાસ થઈ ગયેલ હોવાથી નવી બેટરી ખરીદ કરવા માટે સરકયુલર પધ્ધતિથી ભાવો મંગાવવામાં આવેલ જેમાં આવેલ ભાવોની વિગત નીચે મુજબ (૧) ઈન્દ્ર એન્ટરપ્રાઈઝ ના એકસાઈડ નવી બેટરી ૧૨ વોલ્ટ, ૮૮ એ.એમ.પી. અઢાર (૧૮) માસની વોરંટી નવી બેટરીના ભાવ રૂપીયા. ૯૮૪૩/– આવેલ છે જેમાં જુની બેટરીના ભાવો રૂપીયા.૧૩૪૩/– બાદ જતા કુલ રૂપીયા. ૮૫૦૦/– અંકે આઠ હજાર પાંચસો પુરા આવેલ છે તથા (૨) શિવ બેટરી, કંસારી, ખંભાત ના એકસાઈડ નવી બેટરી ૧૨ વોલ્ટ, ૮૮ એ.એમ.પી. અઢાર(૧૮) માસની વોરંટી નવી બેટરીના ભાવો રૂપીયા. ૯૮૯૩/– આવેલ છે જેમાં જુની બેટરીના ભાવો રૂપીયા.૧૪૪૩/–બાદ જતા કુલ રૂપીયા ૮૪૦૦/– અંકે રૂપીયા આઠ હજાર ચારસો પુરા આવેલ છે. (૩) (૩) મારૂતી બેટરી એન્ડ ઓટો ઈલેકટ્રોનીકસ, ગાયત્રી નગર રોડ ખંભાત ના એકસાઈડ નવી બેટરી ૧૨ વોલ્ટ, ૮૮ એ.એમ.પી. અઢાર (૧૮) માસની વોરંટી નવી બેટરીના ભાવ રૂપીયા. ૯૮૪૩/– આવેલ છે જેમાં જુની બેટરીના ભાવો રૂપીયા.૧૩૪૩/– બાદ જતા કુલ રૂપીયા. ૮૫૦૦/– અંકે રૂપીયા. આઠ હજાર પાંચસો પુરા આવેલા છે જેમાં કંમ્પેરેટીવ સ્ટેટમેન્ટ બનાવતાં અને ઓડીટ કરાવતાં શિવ બેટરી,કંસારી, ખંભાતના ભાવો રૂપીયા. ૮૫૦૦/– અંકે રૂપીયા આઠ હજાર પાંચસો પુરા સૌથી ઓછા આવેલ છે જે તે પાર્ટી પાસેથી ખરીદવા અને તે અંગેનો ખર્ચ આથી મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૮૧

## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે બાંધકામ વિભાગના રીપોર્ટના આધારે ખંભાત શહેરમાં આવેલ રાવ સોસાયટીમાં પાણીની લાઈન લીકેજ હોવાથી તેના કામે પી.વી.સી. ૮'' નો એલ્બો નંગ–૧ જય ખોડલ એન્ટરપ્રાઈઝ, ૪,એસ.એ.કોમ્પલેક્ષ, ખોડીયાર ચોકડી પાસે, કંસારી તા. ખંભાત પાસેથી પી.વી.સી.૮''નો એલ્બો નંગ–૧ રૂપીયા.૧૦૦૦/– પુરા થી બીલ નંબર. ૩૫૬૨ તારીખ.૨૩–૧૧–૨૦૨૧ થી ખરીદેલ છે. જે અંગેનો ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૮૨

## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે બાંધકામ વિભાગના રીપોર્ટના આધારે ખંભાત શહેરના જુદા જુદા વિસ્તારમાં ગટરના આર.સી.સી. મેઈન હોલ કવર સાથે જુદી જુદી સાઈઝની જરૂરીયાત મુજબ ચોરસ ફ્રેમ તથા ગોળ ફ્રેમ સાથે મેઈન હોલ કવર સાથે મંગાવવા માટે નયા પડકારમાં જાહેરાત આપવામાં આવેલ જે અનુસંધાને નીચે મુજબના ભાવો આવેલ છે.

| અ.નં. | કામનું નામ | આર.એસ.એન્ટરપ્રાઈઝ, અમદાવાદ | હિરેન સેનેટરી સ્ટોર, અમદાવાદ |
|---|---|---|---|
| ૧ | જુદી જુદી સાઈઝના મેઈન હોલ ચોરસ ફ્રેમ ગોળ કવર સાથે આર.સી.સી. ૩૦ ઈંચ × ૩૦ ઈંચ વાળા ૧૦ ટન કેપેસીટી વાળા એક (૧) નંગનો ભાવ | ૧૮૨૫/– | ૧૭૪૫/– |
| ૨ | જુદી જુદી સાઈઝના મેઈન હોલ ચોરસ ફ્રેમ ગોળ કવર સાથે આર.સી.સી. ૩૪ ઈંચ × ૩૪ ઈંચ વાળા ૨૦ ટન કેપેસીટી વાળા એક (૧) નંગનો ભાવ | ૨૯૧૫/– | ૨૮૫૯/– |
| ૩ | જુદી જુદી સાઈઝના મેઈન હોલ ચોરસ ફ્રેમ ગોળ કવર સાથે આર.સી.સી. ૩૪ ઈંચ × ૩૪ ઈંચ વાળા ૩૦ ટન કેપેસીટી વાળા એક (૧) નંગનો ભાવ | ૩૨૪૫/– | ૩૧૮૯/– |
| ૪ | જુદી જુદી સાઈઝના સી.આઈ.મેન હોલ ફ્રેમ અને કવર ભાવ ૧ કીલો નો ભાવ | ૧૦૧/– | ૮૯.૭૦/– |

ઉપરોકત ભાવો આવતાં હિરેન સેનેટરી સ્ટોર અમદાવાદ વાળાને તારીખ.૦૮–૦૨–૨૦૨૨ના રોજ બોલાવેલ તેમાં તેઓ એ તેમના લેટર પેડ ઉપર ભરેલ ટેન્ડરમાં ભરેલ ભાવમાં અમારાથી ભાવ ઓછા કરી શકાય તેમ નથી તેમા જણાવેલ છે જેથી હાલમાં નગરપાલિકામાં ખુબજ જરૂરીયાત હોવાથી હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નગર–

પાલિકા કાઉન્સીલરશ્રીની માંગણીને ધ્યાનમાં રાખી હિરેન સેનેટરી સ્ટોર, અમદાવાદના ભાવો ઓછા હોવાથી તેઓના ભાવો મંજુર કરવામાં આવે છે અને સદર એજન્સી પાસેથી માલ સામાન ખરીદવા મંજુર કરવામાં આવે છે. જે અંગેનો ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૮૩</u>

## <u>તારીખ.૧૫–૦૨–૨૦૨૨</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે સન ૨૦૨૧–૨૨ ના વર્ષે માટે ખંભાત નગર–પાલિકા માટે જરૂરી માલસામાન સામાનસપ્લાય/કરવાના ભાવોની સમય મર્યાદાની તારીખ. ૩૧–૦૩–૨૦૨૨ છે જે પુર્ણ થતી હોઈ સન–૨૦૨૨–૨૩ ના વર્ષે માટેજુદા જુદા વિભાગો નો માલસામાન ખરીદી તથા મરામત કરવાના ભાવો મંગાવવા જે વિભાગીય અર્નેસ્ટમની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ની વિગત નીચે દર્શાવેલ છે.

| અ.ન. | કામનું નામ | અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ | ટેનડર ફી રૂા. |
|---|---|---|---|
| ૧ | નગરપાલીકા હસ્કતકના વાહનો માટે પેટ્રોલ / ડીઝલ / ઓઈલ / ગ્રીસ સપ્લાય કરવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૨ | જાહેર બાધકામ વિભાગ માટે જરૂરી સીમેન્ટ/ ઈટો/ રેતી / કપચી / મેંટલ / પુરણી વિગેરે સપ્લાય કરવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૩ | નગરપાલીકા કામે એસી / નોન એસી / વાહનો ભાડે મેળવવાનુ કામ. | ૫૦૦૦/ | ૨૫૦/ |
| ૪ | નગરપાલીકાના ઈ–ગર્વેન્નસ વિભાગમાં જુદા જુદા ખાતામાં કોપ્યુંટરો તથા પ્રિન્ટરો રીફીલીંગ / રીપેરીંગ કરાવવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૫ | બાધકામ ખાતામાં પાણીની લાઈનો મરામત કરાવવાના કામે પી.વી.સી./આર.સી.સી./એસી. પ્રેસર પાઈપો/તથા સી.આઈ.જોઈન્ટ/ તથા ચેબ્બર ફ્રેમ/કવર તેમજ પાણીની લાઈન કરામત કરવાના અન્ય માલ સામાન સપ્લાય કરવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૬ | સેનિટેશન ખાતા માટેજરૂરી માલસામાન ખરીદવાનુ કામ તથા જે.સી.બી. તેમજ ટ્રેકટર / ટ્રેકટર ટ્રોલી વિગેરે ભાડે રાખવાનુ કામ. | ૨૦૦૦૦/ | ૨૫૦/ |
| ૭ | વોટર વર્કસ ખાતામાં પાણીના શુધ્ધીકરણ માટે બ્લીચીંગ પાવડર / લિકવીડ / ફટકડી ગેસ વિગેરે તથા તેને લગતો જરૂરી માલ સામાન ખરીદવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૮ | લાઈટ ખાતાનો જરૂરી માલ સામાન ખરીદવાનુ કામ. | ૨૦૦૦૦/ | ૨૫૦/ |

| | | | |
|---|---|---|---|
| ૯ | વોટર વર્કસ ખાતામાં પંમ્પીંગ મશીનરી મરામત કરવાના તેમજ જરૂરી માલ સામાન ખરીદવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૧૦ | નગરપાલીકાના જુદા જુદા ખાતા માટેજરૂરીયાત મુજબની સ્ટેશનરી ખરીદવાનુ કામ | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૧૧ | નગરપાલીકાના જુદા જુદા ખાતા માટે જરૂરીયાત મુજબની સ્ટેશનરી પ્રિન્ટીંગ કરવાનુ કામ. | ૧૦૦૦૦/ | ૨૫૦/ |
| ૧૨ | પ.વ.ડી. વિભાગમાં ખંભાત નગરપાલિકામાં સિવિલ કામમા ડ્રેનેજ લાઈન તથા રોડ રીપેરીગ કરવાનું કામ. | ૨૫૦૦૦/– | ૫૦૦/– |

ઉપરોકત અનુ.નં. ૧ થી ૧૨ સુધીમાં જણાવેલ વિભાગીય ખાતાની સન.૨૦૨૨–૨૦૨૩ ના વર્ષ માટે અર્નેસ્ટમની ડીપોઝીટ તથા ટેન્ડર ફી મંજુર રાખવામાં આવેછે.

ઉપરાકત વિભાગીય ખાતાની સને. ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષ માટે ભાવો મંગાવવા દૈનિક નયા પડકાર તથા સદેશ આણંદ આવૃતિમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા મંજુર કરવામાં આવે છે અને આ અંગે થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે તથા આ અંગે ગત વર્ષની જમાં રહેલ ડીપોઝીટો પરત આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૮૪
# તારીખ : ૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવવામાં આવે છે સ્વચ્છ ભારત મિશન અંર્તગત ખંભાત શહેરનો નિકાલ થયેલ ઘન કચરાનો જથ્થો જે નગરપાલિકા ધ્વારા એકત્ર કરવામાં આવેલ છે, જેનો નિકાલ કરી તે ઢગલાના સ્થાને સમતલ મેદાન કરવાની કામગીરી કરવી અતિ આવશ્યક છે. સદર બાબતે જી.પી.સી.બી.માંથી પણ અવર નવાર સુચનાઓ તેમજ નોટીશો આપવામાં આવે છે. સદર કામ એસ.બી.એમ.ના પત્રનં.સભમ/૧૦૨૦૧૬/ ૨૭૫૪/ એસબીએમ/ ૮૬૫ તા.૧૦–૧૧–૨૦૨૦થી સદર કામનો ખર્ચ એસ.બી.એમ.માં કરવામાં આવશે નહિ. હવેથી સદર કામનો ખર્ચ ૧૫માં નાણાપંચ ૨૦૨૦–૨૧ અંર્તગત સદર કામ કરી શકાશે.

સદર કચરાના ઢગલાંની L x W x H x1.5= કચરાનું ટનમાં વજન મુજબ જોતા 220x60x6x1.5=118800 ટન કચરાનો જથ્થો હાલમાં છે. સદર કામનું અંદાજીત કોટેશન મંગાવતા એક ટન કચરાના નિકાલ માટે રૂા.૪૦૦/– ના ખર્ચ મુજબ કુલ અંદાજીત એસ્ટીમેન્ટ ખર્ચ રૂા.૪૭૦.૦૦ લાખ થાય તેમ હોય ગુજ.મ્યુનિ.ફા.બોર્ડના પત્ર નંબરઃ મફબ/ યુ.ર/ ૧૫મુંનાણાપંચ/ પ્રથમ હપ્તો/ ૨૦૨૦–૨૧/૨૧૬૮૯ તા.૨૮–૧૨–૨૦૨૦ તથા મફબ/ યુ.ર/ ૧૫મુંનાણાપંચ/ બીજો હપ્તો/ ટાઈડ ગ્રાંટ/ ૨૦૨૦–૨૧/૧૮૧૫૦ તા.૧૨–૧૧–૨૦૨૧ તથા મફબ/ યુ.ર/ નાણાપંચ/ ૨૦૨૧/૧૪૯૮૬ તા.૧–૧૦–૨૦૨૧થી૧૫માં નાણાંપંચની ગ્રાન્ટ ૨૦૨૧–૨૨થી ૨૦૨૩–૨૪માંથી ખર્ચ ફાળવીને તેની જાહેરાત પ્રસિધ્ધ કરી ઈ–ટેન્ડર પ્રક્રિયા કરી તેનો જરૂરી થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે. તેમજ આગળની કાર્યવાહી અર્થે ચીફ ઓફીસરશ્રી, કારોબારી ચેરમેનશ્રી, તથા પ્રમુખશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

**ખંભાત નગરપાલિકા – ખંભાત**
**એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૮૫**
**તારીખ :૧૫–૦૨–૨૦૨૨**

આથી ઠરાવવામાં આવે છે  કે સેનીટેશન ખાતામાં ચાલતા લીફટર ડીવાઈઝ નંબર. : જીજે ૨૩ બી ૦૪૦૨ જેમાં કચરાનું કન્ટેનર ઉપાડવાના જેકનું પતરૂ ઉખડી જવાથી જેક છુટો પડી જતાં તાત્કાલીક વેલ્ડીંગ કરાવવું જરૂરી હોય વિશ્વકર્મા એન્જીનીયરીંગ વર્કસ પાસેથી રૂાફં.૨૫૦૦/– ના ખર્ચથી કામ કરાવેલ જેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૮૬
## તારીખ :૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવવામાં આવે છે સ્વચ્છ ભારત મિશન ગ્રાન્ટ અંર્તગત પત્ર નં.સભમ/૧૦૨૦૧૭/૬૬૭/એસબીએમ/૬૧ તા.૨૧–૧–૨૦૨૯થી મંજુર થયેલ ડી.પી.આર.ના ક્રમ નં.(૧૨) થી જે.સી.બી.ખરીદવા મંજુર કરવામાં આવેલ છે. જેમાં જેમ પોર્ટલ પર બીડ કરતા અમીન ઈકવાઈટમેન્ટ એલએલપીના ભાવ મંજુર થયેલ છે.

જેમાં ડીલરો તથા સેલ્સ એજન્સીઓ ધ્વારા વીમા– આ.ટી.ઓ. વિગેરે તમામ કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ ઉપરોકત પોતે કંપની હોવાથી વીમા પોલીસી ખરીદનારે લેવાની થતી હોય અત્રેથી ધી ઓરીયન્ટલ ઈન્સ્યુરન્સ કાું.લી. ધ્વારા રૂા.૪૦,૪૭૨/–નું પ્રીમીયમ આવતાં સદર પ્રીમીયમની રકમ ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૨૮૭
## તારીખ :૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવવામાં આવે છે એકઝ.કમીટી ઠરાવ નંબર : ૧૮૮/ તા.૨૦–૧૦–૨૦૧૮થી સ્વચ્છ ભારત મિશન અંર્તગત રૂા.૫૫૩.૯૦ની ફાળવણી અંર્તગત સ્વચ્છ ભારત મિશનના પત્ર નં.સભમ/૧૦૨૦૧૭/૬૬૭/એસબીએમ/૬૧ તા.૨૧–૧–૨૦૨૯થી મંજુર થયેલ ડી.પી.આર.ના ક્રમ નં.(૮)મીની ટ્રેકટર ટ્રોલી સાથે, (૧૧) ટ્રેકટર ફ્રન્ટ લોડર(ડોઝર), તથા (૧૨) ફ્રન્ટ એન્ડ લોડર (જે.સી.બી.)ની ખરીદી માટે ખર્ચની રકમ મંજુર કરવામાં આવેલ છે.

સદર સાધનો ખરીદી માટે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ જેમ પોર્ટલ ઉપર ટેન્ડરીંગ કરી ભાવો મંગાવીને ખરીદી કરવાની થતી હોય મીની ટ્રેકટર માટે ડીપીઆરમાં રૂા.૪.૧૦લાખ મંજુર થયેલ છે. પરંતુ જેમ પોર્ટલ પર ભાવો આવતા રૂા.૫.૯૫લાખ આવેલ જેમાં નેગોશીએશન કરતા સદર ભાવ રૂા.૪.૯૦લાખમાં ખરીદવાનું થતું હોય ડીપીઆરના મંજુર થયેલ રૂા.૪.૧૦ લાખ તથા તફાવતના રૂા.૮૦,૦૦૦/– જનરલ ફંડમાંથી ખર્ચ કરી ખરીદ કરવા મંજુર.

તથા ટ્રેકટર ફ્રન્ટ લોડર(ડોઝર) માટે ડીપીઆરમાં રૂા.૧૩.૦૦લાખ મંજુર થયેલ છે. પરંતુ જેમ પોર્ટલ પર ભાવો આવતા રૂા.૧૪.૫૦લાખ આવેલ જેમાં નેગોશીએશન કરતા સદર ભાવ રૂા.૧૪.૨૫લાખમાં ખરીદવાનું થતું હોય ડીપીઆરના મંજુર થયેલ રૂા.૧૩.૦૦ લાખ તથા તફાવતના રૂા.૧.૨૫ લાખ જનરલ ફંડમાંથી ખર્ચ કરી ખરીદ કરવા મંજુર.

તથા ફ્રન્ટ એન્ડ લોડર (જે.સી.બી.) માટે ડીપીઆરમાં રૂા.૨૪.૦૦લાખ મંજુર થયેલ છે. જેમ પોર્ટલ પર ભાવો આવતા રૂા.૨૨,૯૯,૯૯૯/– આવેલ. જે ભાવથી ખરીદવાનું થતું હોય ડીપીઆરમાં મંજુર થયેલ રકમ કરતા ઓછો ભાવ આવેલ હોય રૂા.૨૨,૯૯,૯૯૯/– થી ખરીદ કરવા મંજુર. તથા તેમના ટેન્ડરોની શરતો/ સમય મર્યાદા પુર્ણ થતાં તેઓની ઈએમડી રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૮૮**

**તારીખ.૧૫–૦૨–૨૦૨૨**

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલીકા ગાર્ડન વિભાગમાં તથા લાઈટની કામગીરી માટે કામગીરીમાં આવતો ટેમ્પા નંબર.GJ–23 GA 0724 છે જે ગાર્ડનની તથા સ્મશાનની તથા લાઈટો ચેક કરવાની કામગીરી કરવા લઈ જવાનો હોવાથી તે ટેમ્પામાં બેટરી ખરાબ થઈ થયેલ હોવાથી નવી બેટરી નાખવા કર્મચારીએ તારીખ.૧૧–૦૧–૨૨ના રોજ રીપોર્ટ આપેલ જે આપેલ તે અનુંસંધાને નવી એકસાઈડ કંપનીની બેટરી ખરીદી કરવા માટે પહેલા સરકયુલર ટેન્ડર ફેરવી ભાવો મંગાવી જે આવેલ ભાવો તારીખ.૨૬–૦૨–૨૧ના રોજ આપશ્રી સાહેબની રૂબરૂમાં આવેલ ટેન્ડરો ખોલાવેલ જે આવેલ ભાવોનું નીચે જણાવેલ સરખામણી પ્રત્રક બનાવેલ છે.

| અં.નં. | વિગત | (૧) શીવ બેટરી | (૨) મારૂતિ પાવર સેન્ટર | (૩) જતીન ઓટો ઈલેકટ્રીક |
|---|---|---|---|---|
| (૧) | એકસાઈડ કંપનીની બેટરી ૧૨વોટ ૧ વર્ષની ગેરંટી જુની બેટરીના કાપીને આપેલ ભાવ | ૪૦૦૦–૦૦ | ૪૫૦૦–૦૦ | ૪૨૦૦–૦૦ |

ઉપરોકત અંનં.૧ થી ૩માં જણાવેલ એજન્સીઓએ ખંભાત નગરપાલીકા ગાર્ડન વિભાગમાં તથા લાઈટની કામગીરી માટે કામગીરીમા આવતો ટેમ્પા નંબર.GJ-23 GA 0724 છે જે ગાર્ડનની તથા સ્મશાનની તથા લાઈટો ચેક કરવાની કામગીરી કરવા લઈ જવાનો હોવાથી તે ટેમ્પામાં બેટરી ખરાબ થઈ થયેલ હોવાથી નવી બેટરી નાખવા માટે કર્મચારીએ તારીખ.૧૧–૦૧–૨૨ના રોજ રીપોર્ટ આપેલ જે આપેલ કર્મચારીના રીપોર્ટના અનુંસંધાને નવી એકસાઈડ કંપનીની બેટરી ખરીદી કરવા વરમાં ભાવો આપેલ જે આવેલ ભાવોનું સરખામણીપ્રત્રક બનાવી તે તારીખ.૨૬–૦૨–૨૦૨૧ના રોજ ઓડીટ કરાવી તેમાં જોતાં અં.નં.(૧)શીવ બેટરીના ભાવ સૌથી ઓછા આવેલ છે.જે અં.નં.(૧)વાળા વેપારીનાં ભાવ મંજુર થયેલ તે મંજુર થયેલ ભાવથી ખરીદી કરવા મંજુર કરવામાં આવે છે.તથા તેનાં તેમને રોકડસિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

સહી. કનૈયાલાલ મફતલાલ રાણા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**

**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૮૯.**

**તારીખ.૧૫–૦૨–૨૦૨૨**

**આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા સ્થભતીર્થ કોમ્પ્લેક્ષમાં ૨૦ વોટ એલ.ઈ.ડી.લાઈટનાં પાવર સપ્લાય (ચોક) ઉડી ગયેલ હોવાથી ખરીદી કરવાની જરૂરીયાત હોય જે સ્થભતીર્થ કોમ્પ્લેક્ષનાં ઈલેકટ્રીશીયન ૨૦ નંગ એલ.ઈ.ડી. પાવર સપ્લાય (ચોક) ૨૦૦૦/રૂ.કિમંતેથી ક્રિષ્ના ઈલેકટ્રીકલ પાસેથી તારીખ. ૨૫–૦૧–૨૦૨૨ ના રોજ ખરીદી કરેલ જે મંજુર રાખવામાં આવે છે.તથા તેના તેમને રોકડ સિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.**

**સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા**
**સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર**
**સહી. કનૈયાલાલ મફતલાલ રાણા**
**સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા**

<u>ખંભાત નગરપાલિકા, ખંભાત.</u>

<u>એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૦</u>

<u>તારીખ.૧૫–૦૨–૨૦૨૨</u>

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલીકા સંચાલીત સ્મશાનગુહમાં ભઠ્ઠીની નીચે પતરા મુકવામાં આવે છે તે પતરા ખલાસ તથા તૂટી ગયેલા હોવાથી સ્મશાનગુહનાં કર્મચારી સદર પતરા નવા ખરીદી કરવા રીપોર્ટ આપેલ તે રીપોર્ટનાં અનુંસંધાને કર્મચારી જોડે સદર પતરા બનાવવા માટે ૭ × ૩ ફુટ ૧ નંગનાં ૩૨૦૦/રૂ. ભાવથી તથા ૧૮% GST એકસ્ટ્રા લાગશે તે શ્રી જી એગ્રો – ઈન્ડસ્ટ્રીઝ વાળા એ ૧નંગના ભાવ મંગાવેલ જે આવેલ ભાવ શ્રી જી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ – ખંભાત વાળાનાં મંજુર કરવામાં આવે છે.તથા મંજુર થયેલ ભાવથી ૧૦ નંગ ભઠ્ઠીની નીચે મુકવાનાં પતરા શ્રીજી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ ખંભાતવાળા પાસે બનાવવા મંજુર કરવામાં આવે છે.તથા તેમાં થતો ખર્ચ રોકડ સિલકમાંથી ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

સહી. કનૈયાલાલ મફતલાલ રાણા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

**ખંભાત નગરપાલિકા, ખંભાત.**
**એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૧**
**તારીખ.૧૫–૦૨–૨૦૨૨**

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા પીરપર–વરશાહ મંડ પંપમાં સ્ટ્રીટલાઈટ થ્રીફેઝ મીટર ગ્રાહક નંબર.૦૦૯૪૧/૦૪૧૨૨/૦ નાં મીટરમાં આવતી સ્ટ્રીટલાઈટ પીરપરવરશાહ,બારૈયાવાસમાં,અલૈયાપાડામાં આવતી તમામ લાઈટો ચાલે છે.તે વિસ્તારની બંધ લાઈનનો રીપોર્ટ આવેલ તે ફરીયાદ લાઈટ વિભાગના કર્મચારી મહેશભાઈ જી.રાણા એ મધ્ય ગુજરાત વીજ કંપનીનાં કર્મચારી જોડે ચેક કરવા ગયેલ તે સ્થળનું મીટર બળી ગયેલ હોવાથી તે નુકશાનીનાં ૨૯૫૦/રૂ.ભરવા જણાવેલ છે. તે મધ્ય ગુજરાત વીજ કંપનીનાં ઈજનેરશ્રીએ ભરવા જણાવેલ છે જે તાકીદે ભરવાના હોય જે મધ્ય ગુજરાત વીજ કંપની લી. રસીદ નંબર.૧૦૭૨૩૫/તારીખ.૨૫–૦૧–૨૦૨૨ના રોજ ૨૯૫૦/રૂ. પીરપરવશાહ મંડ પંપમાં સ્ટ્રીટલાઈટ થ્રીફેઝ મીટર બળી ગયેલ તે નુંકશાનીમાં થયેલ ખર્ચ મંજુર રાખવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૨
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

વોટર વર્કસ ખાતામાં આવેલા ઈનટેક વેલ કનેવાલ વોટર વર્કસ પર ચાલતો ૧૨૫ એચ.પી. ટરબાઈન મોટરમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૧ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર ટરબાઈન મોટર ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટર રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૧૯૫૧/ તા.૨૫–૦૮–૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૦૨/ તા.૨૫/૦૮/૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરના કુલ રૂા.૫૮,૪૦૦/– અંકે રૂપિયા અઠાવન હજાર ચારસો પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સન ૨૦૨૧–૨૨ નાં કામ નંબર–૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૩
# તારીખ.૧૫–૦૨–૨૦૨૨

વોટર વર્કસ ખાતામાં આવેલા વોટર વર્કસ વિભાગમાં આવેલા જુદા જુદા હેડવર્કસ પર આવેલા જુદી જુદી સાઈઝની પાણીની પાઈપ લાઈનો કોરોઝન થયી લીકેજ થયેલ હોય જેથી કામ નંબર–૦૭ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળાને સદર પાઈપ લાઈનો માટે કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા.૦૭–૦૫–૨૦૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદરપાઈપ લાઈનો રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૩૭૨૮/ તા.૦૩–૦૨–૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૦૪/ તા.૦૪/૦૨/૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ નાં મજુંર થયેલ વાર્ષીક ભાવ થી સ્લુજ વાલ્વોના કુલ રૂ.૮,૪૫૦/– અંકે રૂપિયા આઠ હજાર ચારસો પચાસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૧–૨૨ નાં કામ નંબર – ૦૭ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા.૦૭–૦૫–૨૦૨૧ થી વાર્ષીક ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૪
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

વોટર વર્કસ ખાતામાં આવેલા રણમુકતેશ્વર(મેતપુર) વોટર વર્કસ પર આવેલ સંપમાં ચાલતો ડાયરેકટ સપ્લાય માટે ૪૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૪ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૩૭૨૬/ તા.૦૩–૦૨–૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૪૬/ તા.૦૬/૦૨/૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.૪૧,૩૮૦/– અંકે રૂપિયા એકતાલીસ હજાર ત્રણસો એંશી પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સન ૨૦૨૧–૨૨ નાં કામ નંબર–૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૫
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

વોટર વર્કસ ખાતામાં આવેલા રણમુકતેશ્વર હેડવર્કસ પર આવેલ સંપ ઉપર ચાલતો ટાંકી ભરવા માટે ૪૦ એચ.પી. આડા સબમર્શીબલ મોટરપંપ બોડીશોર્ટ ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૩ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા ને સદર આડો સબમર્શીબલ મોટરપંપ કઢાવી કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૦૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર આડો સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૨૪૦૬/ તા.૧૮–૧૦–૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૦૧/ તા.૦૩/૧૨/૨૦૨૧ થી સને ૨૦૨૧–૨૨ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવથી આડો સબમર્શીબલ મોટરપંપ કાઢી રીપેરીગના કુલ રૂ.૫૪,૧૦૦/– અંકે રૂપિયા ચોપ્પન હજાર એકસો પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૧–૨૨ નાં કામ નંબર – ૦૩ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તારીખ ૦૭–૦૫–૨૦૨૧ થી વાર્ષીક ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૬</u>

## <u>તારીખ.૧૫–૦૨–૨૦૨૨</u>

ખંભાત શહેરી વિસ્તારમાં પીવાલાયક પાણી પુરવઠા કનેવાલ તળાવમાંથી સપ્લાય કરવામાં આવે છે. કનેવાલ તળાવથી નારેશ્વર તળાવ પર આવતી ૫૦૦ એમ.એમ.ડાયાની ડી.આઈ પાઈપ લાઈન જીણજ કેનાલ આગળ લીકેજ થયેલ છે. સદર લીકેજ રીપેર કરાવવા બાબતે આ કામના નિષ્ણાંત પાસેથી ભાવપત્રકો મેળવવામાં આવેલ. આ બાબતે ત્રણ ભાવ પત્રકો પૈકી પ્લમબર પ્રો. સુરેશભાઈ પી. પરમાર, જૂના છાણી રોડ, જિ.વડોદરા વાળા ના ભાવ રૂા.૨૧,૫૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પાંચસો પુરા) પ્રમાણે સૌથી ઓછા પ્રમાણે આવેલ છે. સદર કામગીરીમાં મશીન કટીંગ / જનરેટર સેટ વિગરે કામગીરી એજન્સીએ કરવાની છે. આ અંગે જે.સી.બી નગરપાલિકા એ પુરૂ પાડવાનું છે. બાકીના તમામ સાધનો મશીન કટીંગ / જોઈન્ટીંગ પ્રક્રિયા કરી લીકેજ બંધ કરવાની કામગીરી કરવાની છે. આમ, આ અંગે શ્રી પ્લમબર પ્રો. સુરેશભાઈ પી. પરમાર, જૂના છાણી રોડ, જિ.વડોદરા વાળા ના ભાવ રૂા.૨૧,૫૦૦/– (અંકે રૂપિયા એકવીસ હજાર પાંચસો પુરા) પ્રમાણેના ભાવ તથા ખર્ચ મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૭
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર વોટર વર્કસ પર આવેલ સંપ–૩માં ચાલતો રણમુકતેશ્વર(મેતપુર) સ્ટોરેજ માટે ૬૦ એચ.પી. પોલ્ડર મોટરપંપમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૪ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર પોલ્ડર મોટરપંપ ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર પોલ્ડર મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૩૭૪૦/ તા.૦૫–૦૨–૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૪૭/ તા.૦૭/૦૨/૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી પોલ્ડર મોટરપંપ ના કુલ રૂા.૫૪,૭૦૦/– અંકે રૂપિયા ચોપ્પન હજાર સાતસો પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સન ૨૦૨૧–૨૨ નાં કામ નંબર–૦૪ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા. ૦૭–૦૫–૨૧ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૮
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

વોટર વર્કસ ખાતામાં આવેલા વોટર વર્કસ વિભાગમાં આવેલા જુદા જુદા હેડવર્કસ પર આવેલા જુદી જુદી સાઈઝના સપ્લાય માટેના સ્લુજ વાલ્વો કામ ન આપતો હોય જેથી સદર વાલ્વો ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર–૦૭ માટે સને ૨૦૨૧–૨૨ નાં વર્ષમાં નિયુકત એજન્સી ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળાને સદર સ્લુજ વાલ્વો ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા.૦૭–૦૫–૨૦૨૧ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સ્લુજ વાલ્વો રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૩૭૨૭/ તા.૦૩–૦૨–૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૦૩/ તા.૦૪/૦૨/૨૦૨૨ થી સને ૨૦૨૧–૨૨ નાં મજુંર થયેલ વાર્ષીક ભાવ થી સ્લુજ વાલ્વોના કુલ રૂ.૨૦,૯૯૦/– અંકે રૂપિયા વીસ હજાર નવસો નેવુ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સીના સને ૨૦૨૧–૨૨ નાં કામ નંબર – ૦૭ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૨૫ / તા.૦૭–૦૫–૨૦૨૧ થી વાર્ષીક ભાવ મજુંર થયેલ છે તદઅનુસાર ભગવતી એન્જીનીંયરીંગ વર્કસ, જલુંધવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૯
# તારીખ.૧૫–૦૨–૨૦૨૨

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા હસ્તક નવી શાક મારકેટમાં આવેલ ઓટલા વિભાગ ગ્રાઉન્ડ ફલોર ઓટલા નંબર. ૫૮ વાળી હાલમાં મધુબેન જયંતિલાલ ચુનારા રહેવાસી. વાઘરીયાવડ, ખેતરમાં, તપસ્વી નગરની બાજુમાં, મુ. ખંભાત તા. ખંભાત જી. આણંદ ના નામે ચાલે છે.

તેઓ એ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું કરીને સદર ઓટલો જયેશભાઈ જગદીશ ભાઈ ચુનારા ઠે. રણમુકતેશ્વર મંદિર પાસે, મુ. ખંભાત તા. ખંભાત જી. આણંદ ના નામે ટ્રાન્સફર કરવા નગરપાલિકામાં તારીખ.૩૧–૦૧–૨૦૨૧ના રોજ અરજી કરેલ છે.

જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ની પોલીસી મુજબ નવી શાક મારકેટ ઓટલા નંબર.૫૮ માં ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા ૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફી માં ૨૫% (પચ્ચીસ)ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે ઓટલા નંબર.૫૮ માં જયેશભાઈ જગદીશભાઈ ચુનારા ઠે. રણમુકતેશ્વર મંદિર પાસે, મુ.ખંભાત ના નામે નીચેની શરતો ને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

## શ ર તો

(૧) સદર ઓટલાની માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર ઓટલાનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર ઓટલાનું માસિક લાયસંસ ફી રૂપીયા.૨૦૦/–અંકે રૂપીયા બસો પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) ઓટલો ભાડે રાખનાર ઈસમ ઓટલો પેટા ભાડવાતને આપી શકશે નહી અગર તો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય ઓટલો બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે ઓટલો ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર ઓટલો રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે.

મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર ઓટલાની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ(૦૯)વર્ષની મુદત માટે રહેશે અને ૦૯(નવ)વર્ષ પુર્ણ થયા પહેલા જે તે ઓટલો રાખનારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી ઓટલા નો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર ઓટલો હરાજીથી આપેલ ઓટલો નવ(૦૯)વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં ઓટલો ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/–તથા જે ઓટલાની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે ઓટલાની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી ઓટલામાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા ઓટલામાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ ઓટલામાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) ઓટલાની અંદર સમાજ વિરૂધ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂધ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) ઓટલો લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી ઓટલો લાયસંસ ફી થી

લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ ઓટલામાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ ઓટલામાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય ઓટલામાં રીપેરીંગ કામ, રંગકામ, સુધારો વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસદારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) ઓટલો લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ ઓટલો બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓ એ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

(૨૧) ઓટલો લાયસંસફી થી રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. ઓટલાનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ – પડશે.

(૨૪) સદર ઓટલાના લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર ઓટલામાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ.ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ ઓટલાને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૦
## તારીખ. ૧૫–૦૨–૨૦૨૨

આજ રોજ તારીખ.૧૫–૦૨–૨૦૨૨ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૭૧ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

## ખંભાત નગરપાલિકા – ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૧
## તારીખ. ૧૫–૦૨–૨૦૨૨

આજ રોજ તારીખ. ૧૫–૦૨–૨૦૨૨ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૩૩ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૨
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં જુની મંડાઈ પોલીસ ચોકી સામે મ્યુની.બ્લોક નં.DA0660, DA0660/1,2 જે ઘણા સમયથી જર્જરીત છે. જે નગરપાલિકા દ્વારા નોટીસ પણ આપવામાં આવેલ હતી. જે મકાન તા.૧૪–૦૨–૨૦૨૨ ના રોજ ત્રીજા માળનો અગાસીનો ભાગ તૂટી ગયેલ છે તથા જે હાલ પડે તેમ હોઈ મે.ઉપપ્રમુખશ્રી તથા મ્યુની.સભ્યશ્રીઓ દ્વારા તાત્કાલિક ધોરણે જર્જરીત ભાગ ઉતારવા બાબતે તે કામના જાણકાર અનુભવિ શ્રી પંકજભાઈ એ.ઠાકોરને બોલવી જર્જરીત તુટેલ આગળની દિવાલ તથા અન્ય ભાગ ઉતારવા બાબતેની કામગીરી નકિક કરતા તેઓએ રૂા.૪૦૦૦/– (ચાર હજાર) પ્રમાણે સદર ભાગ ઉતારવાનું નકિક થયેલ છે. જે તુટેલ દિવાલ તથા અન્ય ભાગ ઉતારવા મંજુર તથા તે અંગેનો ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૩
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા વિસ્તારોમાં ચાલતી આંગણવાડીઓને પોતાના મકાનમાં બેસવાની સુવિધા ઉપલબ્ધ કરી શકાય તે આશયથી રાજય સરકારના ૧૦૦% ફાળાથી આંગણવાડીના મકાનો બનાવવા માટે મંજુરી મળેલ છે. જે અન્વયે આઈ.સી.ડી.એસ.શાખા, જિલ્લા પંચાયત, આણંદની કચેરીના પત્ર નં.આઈ.સી.ડી.એસ./હસબ/વશી/૧૧૦૪/૨૩ તા.૧૪/૧૦/૨૦૨૧ ના પરીપત્ર મુજબ નકકી થયેલ ટાઈપ ડિઝાઈન તથા સ્પેશીફિકેશન મુજબ એક આંગણવાડી કેન્દ્રના મકાનના બાંધકામ માટેની મહત્તમ યુનિટ કોસ્ટ રૂા.૭,૦૦,૦૦૦/– નકકી કરવામાં આવેલ છે. જે મુજબ ખંભાત શહેરમાં કુલ ત્રણ આંગણવાડી માટે રૂા.૨૧,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટ ખંભાત નગરપાલિકાને મળેલ છે. જેમાં નીચે મુજબ ત્રણ આંગણવાડી બનાવવાનો પરીપત્રમાં ઉલ્લેખ કરેલ છે.

| નં. | ઘટકનું નામ | સેજાનું નામ | આંગણવાડી કેન્દ્રનું નામ |
|---|---|---|---|
| ૧ | ખંભાત–૧ | ખંભાત–૧ | ખંભાત–માછીપુરા–૨ |
| ૨ | ખંભાત–૧ | ખંભાત–૧ | ખંભાત–માછીપુરા–૩ |
| ૩ | ખંભાત–૧ | ખંભાત–૧ | ખંભાત–માછીપુરા |

આમ ઉપરોકત આંગણવાડી બાંધકામ માટે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા
સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૪
## તારીખ.૧૫–૦૨–૨૦૨૨

આથી ઠરાવવામાં આવે છે કે ફાયર બ્રિગેડ ખાતામાં વોટર બ્રાઉઝર જી.જે.૨૩ વી. ૫૨૨૪ નો પંપ માંથી ઓઈલ નીકળી જતાં સદર વાહન ખંભાતમાં કોઈ રીપેરીંગ કરતું નહી હોવાથી અમદાવાદ થી એમ.જે.ફાયર સેફટી સર્વિસ વાળાને બોલાવી બતાવતાં સદર વાહનમાં નીચે જણાવ્યા મુજબનું કામ કરવું પડે તેમ છે હાલમાં સદર વાહન બંધ હાલતમાં છે જેથી તાત્કાલીક રીપેરીગ કરાવવા માટે નીચે મુજબની કામગીરી કરાવવાની થાય છે

(૧) પી.ટી.ઓ. ગેર શાફટ થ્રેડ બનાવવાનું (જેના આંટા ખલાસી થઈ ગયેલ છે)

(૨) પી.ટી.ઓ ગેર ફલોચ ટીથ રીપેરીગ

(૩) ફલપ્સ નટ નવી નાંખવાની

(૪) ઓઈલ સીલ નવી નાંખવાની

(૫) પોપ્યુલર શાફટ રીપેરીગ કરવાની સદર તમામ કામગીરી માલ સામાન મજુરી તેમજ ૧૮ ટકા જી.એસ. સાથેનો કુલ ખર્ચ રૂપીયા. ૧૫,૯૩૦/– અંકે રૂપીયા. પંદર હજાર નવસો ત્રીસ પુરાનો એસ્ટીમેટ આવેલ છે જે એસ્ટીમેટનો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને સદર એજન્સી પાસે કામગીરી કરાવવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશભાઈ ગુણવંતલાલ રાણા

સહી. દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર

સહી. કનૈયાલાલ મફતલાલ રાણા

સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય

સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા